## જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, પોરબંદર

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અને ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ અને The Gujarat Epidemic Diseases Act 1897 અન્વયેનું જાહેરનામું

**નં.એમએજી/સી/કોરોના/જા.નામુ/૧૧/૨૦૨૧/૧** **તા.૦૧/૦૧/૨૦૨૧**

**વંચાણે લીધાઃ–**

(૧) ધી એપેડેમીક ડીસીઝ એકટ નં.૩ ઓફ ૧૮૯૭
(૨) ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક, ૨૦૦૫
(૩) આરોગ્યઅને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : જીપી–૯/એનસીવી/ ૧૦૨૦૨૦/એસએફ.૧/જી, તા.૧૩/૦૩/૨૦૨૦
(૪) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક : ૪૦–૩/૨૦૨૦/ડીએમ–આઈ(એ), તા.૨૭/૧૦/૨૦૨૦
(૫) ગુજરાત સરકારશ્રીનાગૃહવિભાગના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૫/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૨/૧૧/૨૦૨૦
(૬) મુખ્યજિલ્લા આરાગ્ય અધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંકઃજી.પ./આરો/COVID-19/Micro Containment Zone/Buffer Zone/11735/2021, તા.૦૧/૦૧/૨૦૨૧

## –:: જાહેરનામું::–

હાલમાં સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHOધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમ–૪ના ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A), Dtd.27/10/2020 થી નોવેલ કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે સમગ્ર ભારતમાં તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે તથા વિગતવાર સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમ–૩ ના રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૦ ના જાહેરનામાથી The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 જાહેર કરેલ છે.

ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના તા.૨૭/૧૦/૨૦૨૦ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના The Gujarat Epidemic Diseases COVID-19 Regulations, 2020 થી નોવેલ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે સુચનાઓ/માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદરના વંચાણે લીધા ક્રમ–૬ ની દરખાસ્તથી **પોરબંદર જિલ્લામાં તા.૩૦/૧૨/૨૦૨૦ અને તા.૩૧/૧૨/૨૦૨૦ ના રોજ કુલ–૫(પાંચ)** પોઝીટીવ કેસ આવેલ હોય જેથી આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું **ડી.એન.મોદી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદર** ફોજદારી કાર્યરિતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ–૩૦ તથા કલમ–૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 નીકલમ–૨અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ વિસ્તારમા કોઈપણ વ્યકિતને અવર–જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

## કન્ટેઈમેન્ટ વિસ્તાર

(૧) પોરબંદર શહેરના એમ.જી. રોડ પરફેન્ડસ પેટ્રોલ પંપ ની બાજુમાં સામે યોગેશ રેણુકાન્ત પાઠકનું ઘર.

(૨) પોરબંદર શહેરના છાયા વિસ્તારના દેવજી ચોકમાં ઉતરે " અનિલ વેલજી હરઘોલ"ના ઘરથી દક્ષિણે " સોમાબેન મોહન જેઠવા" ના બાજુના બંધ ઘર સુધીનો વિસ્તાર.

(૩) પોરબંદર જિલ્લાના મૂળ મિયાળી ગામમાં પૂર્વમાં " મોહન કાનજી સામાણી" ના ઘરથી પશ્ચિમે "ભીમજી કાનજી સામાણી" ના ઘર સુધીનો વિસ્તાર.

(૪) પોરબંદર જિલ્લાના રાણાવાવ શહેરના નાગકા પ્લોટ વિસ્તારમાં પૂર્વે " પોલાભાઈ ગોવિંદ પરમાર" ના ઘરથી " મનસુખ ભિમા પરમાર" ના ઘર સુધીનો વિસ્તાર.

(૫) પોરબંદર શહેરના જ્યુબેલી વિસ્તારમાં ગૌશાળા પાસે ઉતરે પરબત ચતુરભાઈ પરમારના ઘર થી દક્ષિણે" હિરેન જેઠા ઉલવા" ના રામમદિર પાછડ, ચોપાટી ગ્રાઉન્ડ પાસે સુધા જેન્તિ ગોહેલ નું ઘર.

## અમલવારીનો સમયગાળો

**આ હુકમ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૨૮/૦૧/૨૦૨૧ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.**

E:\HOME\N.P\NEW SAVINAYRAJU-2015\CORONA VIRUS FILE\Covid-19\Contaiment Zone Notification\JAN-2021\01-01-2021 5 Contaimaint Notification.docx

**અપવાદ**

૧. માલ અને સેવાઓ આપૂર્તિ માટે (પરવાનગી સાથે) અને મેડીકલ ઈમરજન્સી માટે વ્યકિતઓનીઅવર–જવર.

૨. આ હુકમ સરકારી ફરજ ઉપર અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી.

૩. **Containment Zone** માં ફકત આવશયક સેવાઓ ૦૭–૦૦ કલાક થી ૧૯.૦૦ કલાક સુધી જ ચાલુ રાખી શકાશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરાવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હુ એવો પણ આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતાં વર્તમાનપત્રો ધ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

પોલીસ અધિક્ષકશ્રીએ આ વિસ્તારમાં નીચે મુજબ પ્રમાણે સખતાઈથી અમલવારી કરાવવાની રહેશે.

(૧) આ વિસ્તારમાં પ્રવેશ અને નિકાસ માટેના પોઈન્ટ નકકી કરવાના રહેશે.

(૨) નાગરિકોએને વાહનોને ચકાસણી કર્યા વિનાઅવર–જવર કરવાની રહેશે નહિં.

(૩) આ વિસ્તારની પરિમિતિમાં અવર–જવર કરતા લોકોની નોંધ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિતવિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાનીકલમ–૧૮૮, ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૯ તથા **The Gujarat Epidemic Deases Act 1897** તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ મારી સહીતથા સીકકો કરી આપેલ છે.

રવાના કર્યુ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

સહી : ડી.એન.મોદી
જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

<u>નકલ રવાના :–</u>

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર બહોળી પ્રસિધ્ધિ અર્થે.........

૨. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ

૩. મુખ્યજિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ

૪. સીવીલ સર્જનશ્રી, ભાવસિહજી હોસ્પીટલ, પોરબંદર વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ

૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર (શહેર/ગ્રામ્ય) બહોળી પ્રસિધ્ધિ તથા અમલવારી અર્થે

૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર,કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........

૭. મામલતદાર અને એકઝી. મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર(શહેર/ગ્રામ્ય), રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે..

૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર, રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........

૯. ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, પોરબંદર, છાંયા, રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........

૧૦. સહાયક માહિતી નિયામકશ્રી, પોરબંદર ...દૈનિક વર્તમાન પત્રમાં વિના મૂલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂં.

૧૧. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ ...આ સાથે ટાઈપ નકલ સામેલ છે, જેથી ગેઝેટમાં પ્રસિધ્ધી કરવા અર્થે.

૧૨. સીટી તલાટીશ્રી, પોરબંદર, છાંયા, રાણાવાવ, કુતિયાણા

૧૩. તલાટીશ્રી, મીયાણી, તા.પોરબંદર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર ...જાણ અર્થે.